# કાશ્મીરમાં બીએસએફનો ગોળીબાર : સંચારબંધી

શ્રીનગર,તા. ૧૯

જમ્મુ કાશ્મીરના રામબાણમાં હિંસક ટોળા પર બીએસએફના જવાનોના ગોળીબારના બનાવના એક દિવસ બાદ જમ્મુ કાશ્મીરના મોટાભાગના વિસ્તારો હિંસક પ્રદર્શનથી હચમચી ઉઠ્યા હતા. વ્યાપક હિંસા થવાની દહેશતના પરિણામ સ્વરૂપે ઘણા ભાગોમાં સંચારબંધી લાદવાની ફરજ પડી હતી. બીજી બાજુ સાવચેતીના પગલારૂપે અમરનાથ યાત્રા પણ રોકવામાં આવી છે. કઠોર ધારાધોરણો અમલી બનાવી દેવામાં આવ્યા છે.

પ્રવર્તમાન વિસ્ફોટક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને કાશ્મીરના જુદા જુદા વિસ્તારોમાં આજે સવારે જ સંચારબંધી લાદવાનો નિર્ણય કરાયો હતો. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી જવાની દહેશતના પરિણામ સ્વરૂપે સંચાર બંધી લાદવામાં આવી હતી. રામબાણ ગોળીબારના બનાવમાં છ લોકોના મોત થયા બાદ આ બનાવના વિરોધમાં અલગતાવાદી સંગઠનો જોરદાર દેખાવોના મૂડમાં દેખાયા હતા. તેમની કોઈપણ યોજનાને નિષ્ફળ બનાવવા હેતુસર આજે સવારે સંચારબંધી લાદી દેવામાં આવી હતી. વરિષ્ઠ પોલીસ અને નાગરિક વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની અગાઉ સમીક્ષા કરવામાં આવી હતી. શ્રીનગર, બડગામ, ગંદરબાલ, બાંદીપોરા જિલ્લાના તમામ વિસ્તારોમાં સંચારબંધી લાદવામાં આવી હતી. આ ઉપરાંત સોપિયાન, પુલવામા, કુલગામ, અનંતનાગ, બીજબહેરા, સોપોરેમાં પણ સંચારબંધી લાદવામાં આવી હતી. કલમ ૧૪૪ સીઆઈપીસી હેઠળ નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. આ કલમ હેઠળ કોઈપણ જગ્યાએ ચાર અથવા વધુ લોકો એકત્રિત થઈ શકશે નહીં. દરમિયાન કાશ્મીર ખીણમાં પરિસ્થિતિ આજે વિસ્ફોટક બની ગઈ હતી. સાવચેતીના



પગલાંરૂપે અમરનાથ યાત્રાને પણ આજે રોકવામાં આવી હતી. રામબાણ જિલ્લામાં ગઈકાલે દેખાવકારો ઉપર સુરક્ષાદળોએ ગોળીબાર કર્યા બાદથી સ્થિતિ તંગ બનેલી છે. દેખાવકારો હિંસક દેખાવોના મૂડમાં દેખાઈ રહ્યા હતા. ઈન્ટરનેટ સર્વિસ પણ સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી. વરિષ્ઠ અલગતાવાદી નેતા સૈયાદ અલી શાહ ગિલાનીએ સુરક્ષાદળો દ્વારા દેખાવકારો ઉપર ગોળીબારના વિરોધમાં ત્રણ દિવસના બંધની હાકલ કરી હતી.

વાર્ષિક અમરનાથ યાત્રાને રાજ્યમાં તંગદિલીના લીધે રોકવામાં આવી હતી. હજારો શ્રદ્ધાળુઓ જમ્મુમાં અટવાઈ પડ્યા છે. યાત્રા ક્યારેય શરૂ થાય તેની રાહ જોઈ રહ્યા છે. આ બનાવને વખોડી કાઢીને મુખ્યમંત્રી ઓમર અબ્દુલાએ જણાવ્યું હતુ કે તેમને કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે સાથે વાતચીત કરી છે. સિંદેએ આ મામલામાં તપાસનો આદેશ પણ આપી દીધો છે. ઓમરનું કહેવું છે કે શિંદેએ એવી ખાતરી પણ આપી છે કે વધારે પડતાં બળના ઉપયોગના કેસમાં પગલાં લેવામાં આવશે. શ્રીનગરથી ૧૪૫ કિલોમીટરના અંતરે રામબાણ જિલ્લાના સેડાગુલ ગામમાં બીએસએફની છાવણી ઉપર દેખાવકારોએ જોરદાર હુમલો કર્યા બાદ હિંસક ટોળાને અલગ પાડવા માટે સુરક્ષાદળોને ગોળીબાર કરવાની ફરજ પડી હતી જેમાં છ દેખાવકારોના મોત થયા હતા. બે ડઝનથી વધુ ઘાયલ થયા હતા. ઘાયલોને હાલ સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતા. લોકોએ મસ્જિદની અંદર તોડફોડ અને ઈમામને માર મારવાનો વિરોધ કર્યો હતો. ઘાયલો પૈકી પાંચની હાલત ગંભીર દર્શાવવામાં આવી છે. તેમણે ખાસ સારવાર માટે જમ્મુ શહેરમાં હેલિકોપ્ટર મારફતે લઈ જવાયા હતા. બીએસએફના એક જવાનને ઈજા થઈ હતી. રાજ્ય સરકારે આમા મેજિસ્ટ્રેરીયલ તપાસનો આદેશ આપ્યો હતો. બે પ્રધાનો અને રાજ્ય પોલીસના વડા સહિત એક ઉચ્ચસ્તરીય ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. રામબાણના જિલ્લા મેજિસ્ટ્રેટને સિફટેડ આઉટ કરાયા હતા.

**વર્તમાન ખાતાકીય ખાદ્યને ઘટાડીને ૨.૫ ટકા લવાશે**

## વધુ એફડીઆઈ સુધારા હવે ટૂંક સમયમાં હાથ ધરાશે : વડાપ્રધાન

નવી દિલ્હી,તા. ૧૯

વર્તમાન ઉંચી ખાતાકીય ખાદ્ય અને ડોલર સામે રૂપિયામાં ઘટાડાના પરિણામ સ્વરૂપે માઈક્રો આર્થિક પરિસ્થિતિને માઠી અસર થઈ રહી છે તેવી કબૂલાત કરતા વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યુ હતુકે ટૂંક સમયમાં જ વિદેશી સીધા મૂડીરોકણના સંબંધમાં વધુ સુધારા હાથ ધરવામાં આવશે. દેશના નાણાંકીય બજારમાં સુધારો લાવવા તથા વિકાસને ઝડપી બનાવવા યુપીએ સરકાર દ્વારા લેવામાં આવેલા જુદા જુદા હકારાત્મક પગલાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. આ સપ્તાહની શરૂઆતમાં સરકારે ટેલિકોમ અને ડિફેન્સ જેવા સેક્ટરોમાં એફડીઆઈ મર્યાદાને હળવી કરી શ્રેણીબદ્ધ સુધારાઓ જાહેર કર્યા હતા. ઉદ્યગ સંસ્થા એસોચેમની વાર્ષિક બેઠકના ઉદ્‌ઘાટન સેશનમાં બોલતા નાણાંમંત્રીએ ઘણા બધા મુદ્દા પર વાત કરી હતી. તેમણે કહ્યુ હતુકે વર્ષ ૨૦૧૪માં ગ્રોથ ૬.૫ ટકાની આસપાસ રહી શકે છે. સિંહે સરકારની ચારેબાજુ થઈ રહેલી ટીકા અંગે કોઈ વાત કર્યા વગર માત્ર આટલુ જ કહ્યુ હતુ કે તેઓ માત્ર એક ખરાબ વર્ષ બાદ સ્થિતિને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. છેલ્લા આઠ વર્ષના ગાળા દરમિયાન ૫.૭ ટકાની સરખામણીમાં ૮.૨ ટકા પ્રતિવાર્ષિકનો ગ્રોથ રેટની યોજના છે. ઉંચા સીએડીના મુદ્દા પર વાત કરતા કહ્યુ હતુકે સીએડી ગયા વર્ષે જીડીપીને ૪.૭ ટકાની આસપાસ હતો. સિંહે ખાતરી આપી હતી કે અમે સીએડીને નીચી સપાટી પર લાવવા માટે કટિબદ્ધ છીએ. આના માટે ડિમાન્ડ અને



સપ્લાય બંને પર ધ્યાન આપવાની જરૂર છે. સીએડીને ઘટાડીને ૨.૫ ટકાની નીચી સપાટીએ લાવવાની જરૂર છે. એક વર્ષમાં આ બાબત શક્ય બનશે નહીં. સોના માટેની માંગ ઘટાડવા તાજેતરમાં લેવામાં આવેલા પગલાની અસર દેખાઈ છે. આના કારણે સોનાની આયાત જૂન મહિનામાં નોધપાત્રરીતે ઘટી છે. હાલમાં વિકાસની ગતિ સંતોષજનક રહી નથી જેના પરિણામ સ્વરૂપે સ્થિતિ ચિંતાજનક બનેલી છે. આવનાર દિવસોમાં સરકાર દ્વારા બજારમાં નવા પ્રાણ ફૂંકવા માટે પગલા લેવામાં આવી શકે છે.

## પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચૂંટણીનાં ત્રીજા તબક્કામાં હિંસા

કોલકાતા, તા. ૧૯

પશ્ચિમ બંગાળનાં હાવરા, ઉત્તર ૨૪-પરગના અને દક્ષિણ ૨૪-પરગના જીલ્લામાં ત્રીજા તબક્કાની પંચાયતની ચૂંટણીમાં શુક્રવારે યોજાયેલ મતદાન દરમિયાન નાની-મોટી હિંસાની ઘટના બની હતી. પહેલા ચાર કલાક દરમિયાન સરેરાશ ૨૫ ટકા મતદાન થયુ હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યનાં ચૂંટણીપંચના સચિવ તાપસ રાયે જણાવ્યું હતું કે નાની-મોટી



હિંસાઓની ઘટનાને બાદ કરતા બપોર સુધી મતદાન શાંતિપુર્ણ રીતે સંપન થયું હતું. અમને કેટલાક સ્થળો ખાસ કરીને હાવરાનાં અમાટા પંચલા અને ઉત્તર ૨૪-પરગના જીલ્લાનાં કેટલાક ભાગમાંથી નાની મોટી હિંસાનાં બનાવો બન્યા હોવાનાં સમાચાર મળ્યા છે. રાયે જણાવ્યું હતું કે અમાટા અને પંચલામાં કેટલાક એસિડ બોમ્બ ફેંકવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. ઉત્તર ૨૪-પરગના જીલ્લામાં હિંસાની સામાન્ય ઘટનાઓ બની હોવાનું જાણવા મળ્યું છે. ત્યાં કેટલાક મતદાન કેન્દ્રો સામે બોમ્બ નાખવામાં આવ્યા હતા. જેને કારણે મતદાન પ્રક્રિયામાં વિલંબ થયો હતો. પોલીસનાં જણાવ્યા અનુસાર દક્ષિણ ૨૪-પરગના જીલ્લાનાં ભાનગર અને કૈનિંગમાં કેટલાક માકપાનાં એજન્ટોને માર મારવામાં આવ્યો હોવાનાં સમાચાર પણ છે.

પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે સવારે ૧૧.૦૦ વાગ્યા સુધી હાવરામાં ૨૬.૯૧ ટકા, ઉત્તર ૨૪-પરગના જીલ્લામાં ૨૫.૧૦ ટકા અને દક્ષિણ ૨૪-પરગાના જીલ્લામાં ૨૪.૩૧ ટકા મતદાન નોંધાયુ છે. ગ્રામીણ વિસ્તારોમાં હિંસાના બનાવો બન્યા હતા. લોકોને માર્ગ રોકી લેવાની ચેતવણી આપતા માકપાએ શહેરમાં અને આજુબાજુનાં અનેક સ્થળોએ રસ્તા પર વાહનવ્યવહાર રોકી લીધો હતો.

## હીટ એન્ડ રન કેસમાં સલમાન કોર્ટમાં ઉપસ્થિત

મુંબઈ,તા. ૧૯

વર્ષ ૨૦૦૨ના હીટ એન્ડ રન કેસમાં બોલિવુડ અભિનેતા સલમાન ખાન પર નવેરસથી આરોપો ૨૪મી જુલાઈના દિવસે નક્કી કરવામાં આવશે. સલમાન ખાનને ૨૪મી જુલાઈના દિવસે પણ કોર્ટમાં હાજર થવું પડશે. આજે આ કેસની નવેસરથી સુનાવમી શરૂ થયા બાદ સલમાને કોર્ટમાં પ્રથમ વખત હાજરી આપી હતી. સલમાન સુનાવણી માટે પોતાના પરિવારના સભ્યો સાથે કોર્ટમાં ઉપસ્થિત રહ્યો હતો. સેશન્સ કોર્ટમાં સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી અને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તેના પણ પ્રયાસ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સેશન્સ કોર્ટ આ કેસની નવેસરથી સુનાવણી કરી રહી છે. અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ હવે સલમાન પર બિનઈરાદાપૂર્વકની હત્યા હેઠળ કેસ ચાલશે જેમાં દોષિત જાહેર થવાની સ્થિતિમાં મહત્તમ ૧૦ વર્ષની સજા થઈ શકે છે. મુંબઈની સેશન્સ કોર્ટે ગયા મહિનામાં સલમાનની સામે આઈપીસી હેઠળ બિનઈરાદાપૂર્વકની હત્યાનો મામલો ચલાવવાનો આદેશ કર્યો હતો.

સેશન્સ જજ યુબી હેજીબે કહ્યુ હતુ કે સલમાનને બિનઈરાદાપૂર્વક હત્યાના આરોપોનો સામનો કરવો



પડશે. અત્રે ઉલ્લેખનીય છેકે ઘણા વર્ષથી આ મામલામાં સુનાવણી ચાલી રહી છે. ઘણા વર્ષ સુધી સલમાન પર બેદરકારીપૂર્વકનો મામલો ચાલી રહ્યો હતો. મુંબઈની બાંદ્રા કોર્ટમાં આ કેસ ચાલ્યો હતો પરંતુ પુરાવાને ધ્યાનમાં લઈને કોર્ટે સલમાનની સામે બિનઈરાદાપૂર્વક હત્યાનો મામલો ચલાવવાનો આદેશ કર્યો હતો. એવો આક્ષેપ છે કે સપ્ટેમ્બર ૨૦૦૨માં સલમાન શરાબના નસામાં ખૂબજ ઝડપથી કાર ચલાવી રહ્યો હતો. સંતુલન બગડી જવાના કારણે સલમાનની કાર નીચે પાંચ લોકો કચડાઈ ગયા હતા જેમાં એકનું મોત થયુ હતુ. બોલિવુડના અનેક કલાકારો જુદા જુદા કેસોનો સામનો કરી રહ્યા છે. અભિનેતા સંજયદત્ત પહેલાથી જ જેલની સજાનો સામનો કરી રહ્યો છે. તે હાલમાં તેને ફટકારવામાં આવેલી સજા હેઠળ જેલમાં છે.

## સમાચાર ઝલક

- થરામાં બી.એસ.એન.એલ.ના ટાવર પર વીજળી પડતાં એકસચેન્જ-સ્ટેટ બેંકની સેવાઓ ઠપ્પ.
- દીઓદર તાલુકાના વજેગઢમાં ૧૪ વર્ષ પહેલા સરકારી દફતરે મરણ દર્શાવેલ મહિલા જીવીત થઈ.
- પાયલોટે દક્ષિણ ભારતની એક મોટી અભિનેત્રીને કોકપીટમાં બેસાડતાં સસ્પેન્ડ.
- દીવને જિલ્લા પંચાયતનો અલગ દરજ્જો અપાયો.
- રકતપિત્તના કેસ પૈકી ૫૦ ટકાથી વધુ કેસો ભારતમાં.
- કાશ્મીરમાં તોફાનો : ૬નાં મોત, કેટલાય જિલ્લાઓમાં કર્ફ્યુ - હાઈવે જામ.
- તલાલામાં કેસર કેરીનું આઠ લાખ બોકસ અને ૬૦ લાખ ટીનનું ૩૬ કરોડનું ઉત્પાદન.
- દિવથી પોરબંદરની હવાઈ સફર માત્ર ૭૦૫ રૂપિયામાં.
- ચીનને જડબાતોડ જવાબ : સરહદે વધુ ૫૦૦૦૦ જવાનો ગોઠવાશે.
- જાણીતા ગીતકાર જાવેદ અખ્તર ૧ વર્ષથી નવરાધુપ છે.
- ભોજન-રોજગાર બાદ હવે આવાસની ગેરંટી આપશે કેન્દ્ર સરકાર.
- બ્રિટનમાં કાળઝાળ ગરમી ૨૫૦ વર્ષનો રેકોર્ડ તૂટયો-મોટી સંખ્યામાં ગરમીથી મોત.
- ગેસ-મોબાઈલ ફોન પરના ટેક્ષથી ગુજરાત સરકારની તિજોરી છલકી.
- ભારતમાં ૭૮૦ ભાષાનો ઉપયોગ થાય છે - ૨૫૦ ભાષા લુપ્ત થઈ છે.
- એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકોને સુરત જિલ્લાના કામરેજ તાલુકના આંબોલી ગામે પ્રવેશ આપતાં વાલીઓએ આંદોલન શરૂ કર્યુ : પાંચ દિવસથી મક્કમ.
- હોલીવુડની સ્ટાર અભિનેત્રી હેલબેરીએ ઓલીવર સાથે લગ્ન નક્કી કર્યા.
- તાજમહેલ ઉડાવી દેવાની ધમકી અરબી ભાષામાં મળી. સઘન સુરક્ષા વ્યવસ્થા કરાઈ.
- શિરડીના સાંઈબાબાના ચરણોમાં બનાવટી સોનું.
- ડુંગળી હજુ એક મહિનો આંખમાં પાણી લાવશે.
- સાબરકાંઠામાં પોલીસ સબ ઈન્સ્પેકટર અને બે પોલીસ વિરૂધ્ધ ફરિયાદ - પોલીસ સ્ટેશનમાં ૨૪ બોટલ બિયર મળી.

## રિઝર્વ બેંકે રૂ. ૨૫ હજાર કરોડની ઋણ સેવા શરૂ કરી

મુંબઈ, તા. ૧૯

તરલતાની મુશ્કેલીનો સામનો કરી રહેલા મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગને મદદરૂપ બનવા રિઝર્વ બેંકે રૂ. ૨૫ હજાર કરોડની ખાસ ઋણ સેવા શરૂ કરી હતી. આરબીઆઈ દ્વારા ભરવામાં આવેલા પગલામાં તેને ખાસ ત્રણ દિવસના રેપો પગલા ભર્યા હતા જે અંતર્ગત મ્યુચ્યુઅલ ફંડોને ૧૦.૨૫ ટકાના દરે રૂ. ૨૫ હજાર કરોડનું ભંડોળ ઉભું કરવા માટેની જોગવાઈ છે. વધુ સુચના ન મળે ત્યાં સુધી આ હંગામી સમયને લગતી સ્થિતિ જળવાઈ રહેશે. તેવું આરબીઆઈ એ જાહેર અમલમાં જણાવ્યું હતું.

મ્યુચ્યુઅલ ફંડો છેલ્લા કેટલાક મહિનાથી ઈક્વિટી ફોલીયા ને લઈને મુશ્કેલી ધરાવે છે અને ખાસ કરીને આ ઉદ્યોગમાં નફારૂપી વેચવાલી અને અન્ય વિલિનીકરણને લગતી સ્કીમ ધરાવે છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ નફારૂપી વેચવાલીને કારણે આ સ્થિતિ જોવા મળી હતી.

ત્રણ નાણાંકીય વર્ષની પ્રક્રિયા દરમિયાન મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે આશરે ૧૫ લાખ નવા રોકાણકાર ખાતા ધરાવે છે. બજાર નિયમનકાર સંસ્થા સેબીની માહિતી પ્રમાણે એપ્રિલ-જૂન ૨૦૧૩-૧૪ દરમિયાન મ્યુચ્યુઅલ ફંડોએ આશરે ૧ લાખ રોકાણકારો ગુમાવ્યા છે. ૪૪ ફંડ હાઉસીસ સામે કુલ રોકાણ ખાતાની સંખ્યા પણ જૂન ૨૦૧૩નાં અંત ભાગમાં આશરે ૪.૧૮ કરોડ રહ્યા છે.

**આંખે દેખ્યું આંદામાન** (પાના નં. ૪નું ચાલુ)

અહીં મને નરસિંહ મહેતાની પંક્તિઓ યાદ આવી.

''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ જૂજવે રૂપે અનંત પાસે...''

આકાશમાં કયાંક કયાંક સફેદ અને શ્યામ વાદળો વચ્ચે રંગીન વાદળોનું અવિસ્મરણીય દશ્ય દેખાતાં ખુશીના ઠેકાણાં રહેતાં ન હતા. કોઈને કંઈ જરૂર પડે તો હવાઈ સુંદરીઓ ખડે પગે આમતેમ સેવારત હતી. બારીમાંથી જોતાં કાયરેક એમ લાગતું હતુ કે વિમાન આકાશમાં સ્થિર ઊભું રહી ગયું છે. એકાદ કલાક કયાં વીતી ગયો તેની તો જાણે ખબર જ ન પડી. નીચે પાણી અને ઉપર આકાશનો રંગ એકબીજામાં ભળી જતાં ફક્ત વાદળોની વચ્ચેથી ઉડતું વિમાન અને કયારેક તો વાદળોની ઉપર ઉડી રહેલ વિમાનથી જે દશ્ય દેખાતાં હતા. તે મનને ખુબ રોમાંચીત અને ખુશખુશાલ કરતાં હતા. હવે વિમાનમાં ભોજન આપવાની શરૂઆત થઈ ગઈ હતી. શાકાહારી અને માંસાહારી બંને પ્રકારનું ભોજન પેસેન્જરોની ઈચ્છા મુજબ આપવામાં આવતું હતું.


ભોજન લીધા બાદ ગરમાગરમ ચ્હા અને કૉફી પણ આપવામાં આવી. બારીની બહાર જોવાનો ઉત્સાહ મંદ પડતો હતો ત્યાં એક આંચકો આવ્યો. વિમાન જાણે સહેજ નીચે આવ્યું હોય એમ લાગ્યું. એક મિત્રએ તો મજાક પણ કરી 'ખાડા ટેકરા વાળા રસ્તા લાગે છે.' વિમાન ફરી સ્થિર ગતિએ આગળ વધ્યું. બારી બહાર નજર કરતાં સમુદ્રની વચ્ચે હરિયાળા દ્વિપો દેખાવા લાગ્યા હતા. તેની પગદંડી અને હરિયાળી જોઈને અને સર્પાકાર ખાડીનું દશ્ય જોતાં મનભાવન લાગતું હતું. નીચે પોર્ટ બ્લેર દેખાવા લાગ્યું. વિમાન હવાઈ મથકે ઉતરતાં સૌએ બેલ્ટ છોડ્યા અને વિમાની મુસાફરીનો રોમાંચક અનુભવ લઈ સૌ નીચે ઉતરવા લાગ્યા. પોર્ટ બ્લેયરનું વિમાન મથક નાનું પણ બહું જ સુંદર છે. અમે સૌ આગળ વધ્યા...

(ક્રમશઃ)

## ટુજી ટ્રાયલ : અનિલ અંબાણી અને ટીના સાક્ષી તરીકે ઉપસ્થિત થશે

નવી દિલ્હી,તા. ૧૯

સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને ભારે રાજકીય ગરમી જગાવનાર ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં પ્રોસિક્યુશન સાક્ષી તરીકે રિલાયન્સ એડીએ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણી, તેમના પત્નિ ટીના અંબાણી અને અન્ય ૧૧ સામે આજે સમન્સ જારી કરવામાં આવ્યા હતા. દિલ્હી કોર્ટ દ્વારા સમન્સ જારી કરવામાં આવતા કોર્પોરેટ જગતમાં ભારે ચર્ચા જાગી છે. કોર્ટે સાક્ષી તરીકે અનિલ અંબાણી અને ટીના અંબાણીને બોલાવવા સીબીઆઈને લીલીઝંડી આપી દીધી છે. ખાસ સીબીઆઈ જજ ઓપી સૈનીએ કહ્યુ હતુકે અરજીને એકંદરે મંજુરી આપવામાં આવી છે. તમામ ૧૩ સામે સમન્સ જારી કરવામાં આવ્યા છે. સીબીઆઈએ ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં અનિલ અંબાણી અને તેમના પત્નિને સાક્ષી તરીકે બોલાવવાની માંગણી કરી હતી. પોતાની અરજીમાં સીબીઆઈએ શ્વાન ટેલિકોમ પ્રાઈવેટ લિમિટેડમાં રિલાયન્સ એડીએ ગ્રુપ કંપની દ્વારા



૯૯૦ કરોડ રૂપિયાની રોકાણની ખાતરી કરવા અને આ સંબંધમાં વધુ માહિતી મેળવવાના હેતુસર સાક્ષી તરીકે અનિલ અંબાણી સામે સમન્સ જારી કરવાની માંગ કરી હતી. શ્વાન ટેલિકોમ પ્રાઈવેટ લિમિટેડ તેના પ્રમોટર શાહિદ ઉસ્માન બલવા અને વિનોદ ગોયંકાની સાથે આ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહી છે. સીબીઆઈએ એવી દલીલ કરી હતી કે રિલાયન્સ એડીએ ગ્રપના ચેરમેન અનિલ અંબાણી ગ્રુપ કંપનીઓ દ્વારા કરવામાં આવેલા રોકાણના મામલે વધુ માહિતી આપી શકે છે. અંબાણીની જંગી રોકાણના સંબંધમાં પુછપરછની જરૂર છે. ખાસ પબ્લિક પ્રોસિક્યુટર યુયુ લલીતે કહ્યુ હતુ કે ઘણા મામલાઓ અંગે વધુ માહિતી મેળવવાની જરૂર છે. રિલાયન્સ એડીએજીના ત્રણ ટોચના કારોબારીઓ માટે ઉપસ્થિત રહેલા વકીલોએ સીબીઆઈની અરજીનો વિરોધ કર્યો હતો અને કહ્યુ હતુકે આ અરજી રજુ કરવા પાછળ તપાસમાં વિલંબ કરવાનો હેતુ છે. અનિલ અંબાણીને જાણી જોઈને હેરાન કરવાનો હેતુ છે જો કે સીબીઆઈએ આમાં કોઈ વધારે રજુઆત કરી ન હતી. એડીએજી ગ્રુપ કંપની રિલાયન્સ ટેલિકોમ લિમિટેડના અધિકારીઓ આમાં આરોપી તરીકે છે જેમાં ગૌતમ દોષી, સુરેન્દ્ર પિપારા અને હરિ નાયરનો સમાવેશ થાય છે. આ ત્રણેય કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે.

ડિફેન્સ વકીલે એવી રજુઆત કરી હતી કે સીબીઆઈ ટ્રાયલના આ તબક્કામાં આ કેસને ફરી શરૂ કરવા પ્રયાસ કરી રહ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સીબીઆઈની અરજી પર ૧૭મી જુલાઈએ તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. સીબીઆઈએ અગાઉ આ કેસમાં સાક્ષી તરીકે અનિલ અંબાણી, ટીના સહિત ૧૭ લોકોને બોલાવવાની માંગ કરી હતી અને એવી દલીલ કરી હતી કે સીબીઆઈ સમગ્ર મામલામાં વધુ ખાતરી કરવા માંગે છે. શ્વાન ટેલિકોમ તરફથી યુએએસ લાઈસન્સ મેળવવા માટે અરજી કરવાના નિર્ણય અંગે અનિલ અંબાણીને માહિતી હતી કે કેમ તે અંગે પણ તપાસ સંસ્થા ખાતરી કરવા માંગે છે.

### હોકી ખેલાડી ધ્યાનચંદનું નામ ભારતરત્ન માટે ચર્ચામાં

કેન્દ્રીય રમત મંત્રાલય દ્વારા ભારત રત્ન માટે ધ્યાનચંદના તથા સચિનના નામની ચર્ચા કરવામાં આવી છે. હોકીના જાદુગર ધ્યાનચંદનું નામ ગઈકાલે કેન્દ્રિય મંત્રી દ્વારા પસંદ કરવામાં આવ્યું છે. મંત્રાલય દ્વારા સચિન અને ધ્યાનચંદના નામ અંગે જણાવવામાં આવ્યું હતું કે, સચીન હાલમાં પણ ક્રિકેટ રમી રહ્યો છે. અને જેથી તેની પસંદગી બીજા કોઈ પણ એવોર્ડ માટે પણ કરવામાં આવી શકે છે. નોંધનીય છે કે ધ્યાનચંદ જ્યારે ભારતીય હોકી ટીમમાં હતા ત્યારે ભારત હોકી ટીમે ઓલિમ્પિકમાં સતત ત્રણ સ્વર્ણચંદ્રક જીત્યા હતા ધ્યાનચંદે દેશની આઝાદી પહેલા હોકીને સમગ્ર દુનિયામાં ખૂબ જ પ્રસિદ્ધિ અપાવી હતી.

## ઉ.પ્રદેશનાં ભુતપુર્વ ધારાસભ્ય સર્વેશસિંહની ગોળી મારી હત્યા

આજમગઢ, તા. ૧૯

ઉત્તરપ્રદેશનાં આજમગઢ જીલ્લામાં શુક્રવારે રાજ્યનાં ભુતપુર્વ વિધાનસભ્ય સર્વેશસિંહ સહિત બે લોકોની અજાણ્યા લોકોએ ગોળીમારીને હત્યા કરી દીધી છે. આ ઘટનાને કારણે ઉગ્ર બની ગયેલા તેમના સમર્થકોએ જીયનપુર પોલીસ સ્ટેશન પર હુમલો કરી દીધો હતો. હુમલો કરનાર ટોળાને વિખેરવા માટે પોલીસે તેમની પર ગોલીબાર કર્યા હતા.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે જીયનપુર કસબા સ્થિત ચોકમાં સગડી વિધાનસભા વિસ્તારનાં સમાજવાદી પક્ષનાં ભુતપુર્વ વિધાનસભ્ય તથા હાલનાં બહુજન સમાજવાદી પક્ષનાં નેતા સર્વેશસિંહ 'સીપુ' (૩૫) તથા તેમના ઘરે કોઈ કામસર આવેલા નારદ રાય (૪૦)ને અજાણ્યા લોકોએ તેમનાં ઘરની સામે તેમને ગોળી મારી દીધી હતી. જેને કારણે બંને વ્યક્તિઓનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું.

પોલીસ વડા (કાયદો અને વ્યવસ્થા) રાજકુમાર વિશ્વકર્માએ જણાવ્યું હતું કે આ ઘટનાની સુચના મળ્યા બાદ હજારો લોકો જીયનપુર કસબામાં પહોંચી ગયા હતા અને તેમણે પોલીસ સ્ટેશન પર હુમલો કરી દીધો હતો. ઉશ્કેરાયેલા ટોળામાંની કેટલીક વ્યક્તિઓએ પોલીસ સ્ટેશનમાં ઘણાં પોલીસ કર્મચારીઓની રાઈફલ છિનવી લીધી હતી અને તેમની પર પથ્થરમારો કર્યો હતો એટલું જ નહીં ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ સ્ટેશનમાં આગ ચાંપવાનો પણ પ્રયત્ન કર્યો હતો. ટોળાએ પોલીસનાં બે વાહન અને છ મોટરસાયલકને આગ ચાંપી દીધી હતી. તેમણે જણાવ્યું હતું કે હિંસા પર ઉતરી આવેલી ભીડને વિખેરવા માટે પોલીસે અનેક રાઉન્ડ ગોળીબાર કરવા પડ્યા હતા. પરિસ્થિતિમાં નિયંત્રણમાં લેવાનો પ્રયત્ન ચાલુ છે.